# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
## સરદારકૃષિનગર–૩૮૫૫૦૬
## જિ.બનાસકાંઠા

વંચાણે લીધોઃ–(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, મુખ્ય ચુંટણી અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૦૩/૦૧/૨૦૨૦ના પત્ર અન્વયે,

**–:: પરિપત્ર ::–**

આથી અત્રેની યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પત્રથી ચૂંટણીપંચ, નવી દિલ્હીની સ્થાપના દિવસને કેન્દ્ર સરકાર ધ્વારા " રાષ્ટ્રીય મતદાતા દિવસ " તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજ્ય કક્ષાએથી લઈ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ સંદર્ભે ચૂંટણીપંચ ધ્વારા " **Electoral Literacy for Stronger Democracy** " થીમ નક્કી કરવામાં આવેલ છે. તદનુસાર રાષ્ટ્રીય મતદાતા દિવસ, ૨૦૨૦ની ઉજવણી ચૂંટણીપંચ, નવી દિલ્હીની સુચના અનુસાર તા.૨૫–૦૧–૨૦૨૦ના રોજ જાહેર રજા હોવાથી **તા.૨૫–૦૧–૨૦૨૦ના બદલે તા.૨૪–૦૧–૨૦૨૦ના રોજ સવારે : ૧૧ કલાકે** " રોઝ ગાર્ડન" ખાતે સમૂહમાં પ્રતિજ્ઞા (સામેલ) લેવા જણાવવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

KPatel
**કુલસચિવ**

**જા.નં.સદાંકૃયુ/રજી/એડીએમ.૩.૧/** ૧૦૯૮૫ – ૯૫ **/૨૦૨૦,**
**તારીખ :–**૨૮**/૦૧/૨૦૨૦**

<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ:–</u>
૧: આ યુનિવર્સિટીની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.(ફકત સરદારકૃષિનગર ખાતેના)
૨: નિયામકશ્રી,આઈ.ટી વિભાગ,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ સદર પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

<u>નકલ રવાના:–</u>
૧: કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
૨: આ વિભાગની દરેક શાખાઓ તરફ..
૩: હુકમ ફાઈલ/પરિપત્ર ફાઈલ

*DHARTI PRAJAPATI/ADM-III BRANCH/18012020/*

## મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.